# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01.08.2026** **MORNING: 7.45 TO 7.55**

**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

*******************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આંધ્રપ્રદેશમાં 18 હજાર કરોડના વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કરશે.

2) પ્રધાનમંત્રીએ બ્રિટિશ પ્રધાનમંત્રી એન્ડી બર્નહામને પદભાર સંભાળવા બદલ અભિનંદન અને સફળ કાર્યકાળની શુભેચ્છા પાઠવી.

3) ભારતે જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ ભારતનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ છે અને હંમેશા રહેશે તેવો પુનરોચ્ચાર કર્યો.

4) અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર બીજા હુમલા માટે સૈન્યને તૈયાર રહેવાનો નિર્દેશ આપ્યો.

5) ગ્લાસગોમાં કોમનવેલ્થ ગેમ્સમાં અસ્મિતા ડે અને હર્ષ સિંહે જુડોમાં સુવર્ણચંદ્રક જીત્યા – ભારત પાંચ સુવર્ણ, 12 રજત અને છ કાંસ્ય ચંદ્રકો સાથે દશમાં સ્થાને.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MORN PM-AP KARNATAKA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આંધ્રપ્રદેશ અને કર્ણાટકની એક દિવસની મુલાકાતે જશે. શ્રી મોદી સૌપ્રથમ આંધ્રપ્રદેશના વિજયનગરમ જિલ્લાના ભોગાપુરમ ખાતે આશરે 18 હજાર કરોડના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

પ્રધાનમંત્રી ભોગાપુરમ ખાતે પાંચ હજાર 600 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલ અલ્લુરી સીતારામ રાજુ આંતરરાષ્ટ્રીય વિમાનમથકનું ઉદ્ઘાટન કરશે. આ હવાઈમથક આંધ્રપ્રદેશમાં હવાઈ જોડાણને મજબૂત બનાવશે, જેનાથી પ્રવાસન, વેપાર, રોકાણ અને રોજગાર સર્જનને વેગ મળશે.અમારા સંવાદદાતાનો અહેવાલ

## (VC – શક્તિ સિંગ)

શ્રી મોદી એક હજાર 880 કરોડથી વધુના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

આંધ્રપ્રદેશ ત્યારબાદ પ્રધાનમંત્રી કર્ણાટકના મૈસુર જશે, જ્યાં તેઓ સ્વામી વિવેકાનંદ સાંસ્કૃતિક યુવા કેન્દ્ર - વિવેક સ્મારકનું ઉદ્ઘાટન કરશે. પ્રધાનમંત્રી આ પ્રસંગે સભાને પણ સંબોધિત કરશે. અમારા સંવાદાતાનો અહેવાલ

## (VC – સુધેન્દ્ર )

# PM-UK PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બ્રિટિશ પ્રધાનમંત્રી એન્ડી બર્નહામ સાથે વાત કરી અને તેમને પદ સંભાળવા બદલ અભિનંદન આપ્યા. ગઈકાલે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ જણાવ્યું હતું કે તેમની વાતચીત દરમિયાન બંને નેતાઓ ટેકનોલોજી, નવીનતા, સંરક્ષણ, સુરક્ષા, સ્વચ્છ ઉર્જા, શિક્ષણ અને લોકો-થી-લોકોના સંબંધો જેવા ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરવા અને ભારત-યુકે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને નવી ઊંચાઈઓ પર લઈ જવા સંમત થયા હતા.

શ્રી મોદીએ જણાવ્યું હતું કે બંને દેશો તાજેતરમાં અમલમાં મુકાયેલા ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરાર દ્વારા રજૂ કરાયેલા વેપાર અને રોકાણની તકોનો સંપૂર્ણ લાભ લેવા માટે પણ સાથે મળીને કામ કરશે, જે ભારત અને યુકેના લોકો માટે સહિયારી સમૃદ્ધિ અને સુખાકારી સુનિશ્ચિત કરશે. પ્રધાનમંત્રીએ બ્રિટિશ પ્રધાનમંત્રીને સફળ કાર્યકાળની શુભેચ્છા પણ પાઠવી હતી.

# CABINET-KHELO INDIA

મંત્રીમંડળે 2026-27 થી 2030-31 ના સમયગાળા માટે 36 હજાર 441 કરોડ રૂપિયાના સંયુક્ત ખર્ચ સાથે ખેલો ઇન્ડિયા યોજના અને રાષ્ટ્રીય રમતગમત ફેડરેશનોને સહાય વધારવાની મંજૂરી આપી છે. ગઈકાલે પત્રકારોને સંબોધતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે આ નિર્ણય યુવા વિકાસ અને રાષ્ટ્રનિર્માણ માટે રમતગમત પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરે છે. તેમણે કહ્યું કે દરેક પ્રતિભાશાળી યુવાને શ્રેષ્ઠતાનો સ્પષ્ટ માર્ગ મળશે. શ્રી વૈષ્ણવે કહ્યું કે આ યોજના પાયાના સ્તરથી લઈને ટાર્ગેટ પોડિયમ ઓલિમ્પિક યોજના સ્તર સુધી સમગ્ર ભારતમાં તાલીમ સુવિધાઓ સ્થાપિત કરવામાં મદદ કરશે.

# MEA-POJK

ભારતે જણાવ્યું છે કે પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીર (PoJK) માં થયેલી ચૂંટણીઓ પાકિસ્તાની સત્તા સામેના લોકોના તીવ્ર રોષનો પુરાવો છે.

નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે પાકિસ્તાન PoJK માં શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ પર દમન ચાલુ રાખે છે.

## (બાઇટ – રણધીર જયસ્વાલ)

શ્રી જયસ્વાલે પુનરોચ્ચાર કર્યો હતો કે જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ ભારતનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ છે અને હંમેશા રહેશે.

રશિયન સૈન્યમાં સેવા આપતા ભારતીય નાગરિકો અંગે શ્રી જયસ્વાલે કહ્યું કે અત્યાર સુધીમાં 139 ભારતીયોને સ્વદેશ પરત મોકલવામાં આવ્યા છે, અને લગભગ 24 અન્ય લોકોને પાછા લાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. તેમણે લોકોને ખોટી નોકરીની ઓફરોથી સાવધ રહેવાની પણ સલાહ આપી.

MV AGV રેગનર જહાજ પર થયેલા હુમલા અંગે તેમણે જણાવ્યું હતું કે ચાર ભારતીયો સવાર હતા. તેમાંથી બે સુરક્ષિત છે, જ્યારે બે હજુ પણ ગુમ છે. તેમણે જણાવ્યું હતું કે ભારત યુક્રેન અને રોમાનિયાના અધિકારીઓ સાથે સંપર્કમાં છે અને ગુમ થયેલા ભારતીયોના પરિવારોને શક્ય તમામ સહાય પૂરી પાડી રહ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# TRUMP-IRAN

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર બીજા હુમલા માટે સૈન્યને તૈયાર રહેવાનો નિર્દેશ આપ્યો છે. અમેરિકાના મીડિયા રિપોર્ટ્સ અનુસાર પ્રસ્તાવિત કાર્યવાહીનો હેતુ ઈરાનને શરણાગતિ માટે દબાણ કરવાનો છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે ઈરાન સાથેની રાજદ્વારી વાતચીત પર સવાલ ઉઠાવ્યા અને જોર્ડનમાં અમેરિકાના લશ્કરી થાણા પર હુમલા બાદ મજબૂત લશ્કરી કાર્યવાહીની ચેતવણી આપ્યા બાદ આ અહેવાલો આવ્યા છે. બીજા એક અહેવાલમાં જણાવાયું છે કે અમેરિકા ઈરાની ઊર્જા સુવિધાઓ, જેમાં પાવર સ્ટેશન અને ઓઇલ રિફાઇનરીઓ પર હુમલો કરવાનું વિચારી રહ્યું છે.

28 ફેબ્રુઆરીથી શરૂ થયેલા આ સંઘર્ષે સમગ્ર પ્રદેશમાં અસ્થિરતા વધારી છે. ત્યારબાદ ઈરાને હોર્મુઝ સમુદ્રધુની બંધ કરી દીધું, જેના કારણે ક્રૂડ ઓઇલ, કુદરતી ગેસ અને ખાતરોનો પુરવઠો ખોરવાઈ ગયો. પર્સિયન અખાતી દેશો પર ઈરાની ડ્રોન અને મિસાઈલ હુમલાઓએ પણ નોંધપાત્ર આર્થિક અને કાર્યકારી અવરોધો ઉભા કર્યા છે.

# JAISHANKAR-IRAN FM

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે સાંજે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી સાથે ફોન પર વાતચીત કરતાં પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં ચાલી રહેલા તણાવ પર ચિંતા વ્યક્ત કરી હતી. ડૉ. જયશંકરે કહ્યું કે વાણિજ્યિક જહાજો અને ખલાસીઓ પર કોઈપણ સંજોગોમાં હુમલા થવા જોઈએ નહીં. ભારત કોઈપણ પક્ષ દ્વારા આવા કોઈપણ હુમલાની ટીકા કરે છે. શ્રી જયશંકરે કહ્યું કે ભારત હંમેશા સંવાદ અને રાજદ્વારીનું સમર્થક રહ્યું છે.

# MORN CWG MEDALS

ગ્લાસગોમાં કોમનવેલ્થ ગેમ્સમાં અસ્મિતા ડે અને હર્ષ સિંહે પોત પોતાના વજનજૂથ જુડોમાં સુવર્ણ ચંદ્રક જીત્યા. અસ્મિતાએ મહિલાની 48 કિલોગ્રામ અને હર્ષ સિંહે પુરુષોની 60 કિગ્રા વર્ગમાં સુવર્ણ ચંદ્રક  જીત્યો. ભારતીય બોક્સર પ્રીતિએ મહિલાઓની 54 કિલોગ્રામ વર્ગમાં સેમિફાઇનલમાં ઝામ્બિયાની કેથરિન મ્વાપેને હરાવી. જાસ્મીન લંબોરિયા 57 અને અરુંધતી ચૌધરી 70 કિલોગ્રામ વજનજૂથની ફાઇનલમાં પહોંચી. અંકુશ પંઘાલે પુરુષોની 80 કિલોગ્રામ જુથની સેમિફાઇનલમાં કેનેડાના જોશુઆ ઓફોરીને હરાવ્યો. જદુમણિ સિંહે પુરુષોની 55 કિલોગ્રામ વર્ગમાં નામિબિયાના એમ. હુસેબને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો. ભારત અત્યાર સુધીમાં સ્પર્ધામાં પાંચ સુવર્ણ, 12 રજત અને છ કાંસ્ય ચંદ્રકો એમ કુલ 23  ચંદ્રકો સાથે દશમ સ્થાને છે.

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ પરમાર ..

- આજના અખબારોની હેડલાઇનમાં ગુજરાતમાં અતિભારે વરસાદ અને PM કિસાન યોજનાની મુદત લંબાવાઇ સહિતના સમાચારો વાંચવા મળી રહયા છે.
- નવગુજરાત સમયની હેડલાઇન છે – દક્ષિણ – મધ્ય ગુજરાતમાં અતિવૃષ્ટિ:અંબિકામાં 20.28 ઇંચ
- અમદાવાદના આકાશમાં વરસાદી વાદળોનો મહાસાગર – આ સમાચારને તસવીર સાથે દિવ્ય ભાસ્કરે પહેલા પાને પ્રકાશિત કર્યા છે.
- સંદેશની હેડલાઇન છે - PM કિસાન યોજના 2030 – 31 સુધી લંબાવાઈ
- ગુજરાત સમચાર લખે છે - 60 હજાર મુસ્લિમ શરણાર્થીઓ સ્પેનમાં ધૂસ્યા: 57ના મોત
- કશ્મીરના કુલગામમાં આતંકી હુમલો એક પ્રવાસીનું મોત અને ચીનના પ્રમુખ જિંપિંગ બ્રિક્સમાં ભાગ લેવા ભારત આવે તેવી શક્યતા સહિતના સમાચાર વિવિધ અખબારોમાં પહેલા પાને વાંચવા મળી રહ્યા છે.
- વિવિધ અખબારોમાં રાજ્યમાં ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતી અંગેના સમાચાર વિવિધ અખબારોમાં તસ્વીરો સાથે આવરી લેવાયા છે.